1. પ્રદૂષણના પ્રકારો કયા કયા છે?

- માનવીની પર્યાવરણ વિરોધી પ્રવૃત્તિને કારણે સજીવોના જીવન માટે જરૂરી ઘટકો દૂષિત થવાની ક્રિયાને પ્રદૂષણ કહે છે. પ્રદૂષણના પ્રકાર આ પ્રમાણે છે : (1) હવાનું પ્રદૂષણ, (2) જળપ્રદૂષણ, (3) ભૂમિપ્રદૂષણ અને (4) ધ્વનિનું પ્રદૂષણ વગેરે.

2. ''આજે ભૂમિગત જળ દૂષિત થયું છે.'' વિધાન સમજાવો.

- હરિયાળી ક્રાંતિની સાથે સાથે ખેતીમાં વપરાતાં કીટનાશકો અને અકાર્બનિક દ્રવ્યોથી બનેલાં ખાતરોનો વપરાશ અમર્યાદિત રીતે વધ્યો છે. આ રસાયણો ખેતરમાંથી વરસાદી પાણીમાં ભળી જમીનમાં ઊતરે છે, તેથી ભૂમિગત જળ દૂષિત થાય છે.

3. ભૂખમરાની પરિસ્થિતિ કયા કયા સંજોગોમાં સર્જાય છે?

- કુપોષણનું વરવું સ્વરૂપ ભૂખમરો છે. આ સમસ્યા અનાજની ભારે અછતથી પેદા થાય છે. દુષ્કાળ, પૂર, વાવાઝોડું, તીડ જેવા કીટકોનો ઉપદ્રવ, યુદ્ધ, અરાજકતા, ગ્લોબલ વૉર્મિંગ વગેરે સંજોગોથી ભૂખમરાની પરિસ્થિતિ સર્જાય છે.

4. ''જૈવિક કચરાનો નિકાલ પડકારજનક છે.'' વિધાન સમજાવો.

- દવાખાનાં કે હૉસ્પિટલોમાંથી નીકળતા કચરાને જૈવિક કચરો (Medical waste) કહે છે, જેમ કે પાટા, રૂ, કાઢી નાખેલું લારેટર, હાથમોજાં, ઈંજેકશન, સોય, દવાની ખાલી બાટલીઓ, વાઢકાપ વેળાએ કાઢી નાખેલાં અંગો વગેરે. આ જૈવિક કચરી ચેપીપણા તથા વીષાક્ત દ્રવ્યોને કારણે ખૂબ જ જોખમી છે. આ કચરાનો નિકાલ સામાન્ય કચરાની જેમ કરાય તો તેનાથી અનેક રોગો ફેલાવવાનો ભય છે, તેથી જૈવિક કચરાનો નિકાલ પડકારજનક છે.

5. 'માનવ મળમૂત્ર'ની સમસ્યા સમજાવો.

- વધતી જતી વસ્તી સાથે માનવ મળ મુત્ર નિકાલનો સવાલ જોડાયેલો તેનો યોગ્ય નિકાલ ન થાય, તો ગંદકી અને રોગચાળો ફેલાય વરસાદી પાણી સાથે રહીને તે જળ સોતોને દૂષિત કરે તેના હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ ફેલાય.

6. વાયુપ્રદૂષણનાં કારણો જણાવો.

- ઉદ્યોગો, વાહનો અને વિવિધ પ્રકારનાં ઈંધણોના વપરાશથી પર્યાવરણમાં ઝેરી ધુમાડો ફેલાય છે. વાતાવરણમાં માનવી ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપે કચરો ઠાલવ્યા કરે છે. અશમીભૂત ઇધણોના વધતા જતા વપરાશથી સહફર ડાયોક્સાઇડ, કાર્બન ડાયોક્સાઇડ, કાર્બન મોનૉક્સાઇડ, સીસું જેવી અશુદ્ધિઓ મોટી માત્રામાં વાતાવરણમાં ભળે છે, જેથી વાયુપ્રદૂષણ થાય છે.

### 7. 'માનવ મળમૂત્ર નિકાલ' કેવી રીતે કરવો જોઈએ?

- માનવ મળમૂત્રનો નિકાલ કરવા માટે શૌચાલયોની સગવડ ઊભી કરવી જોઈએ, જ્યાં ગટરોની વ્યવસ્થા નથી ત્યાં સસ્તા પ્રકારનાં બે ખાડાવાળાં શૌચાલયો બનાવવાં. તેમાંથી કિંમતી ખાતર બનાવવું. નગરનિયોજનમાં ગટરો અને સુએઝનું આયોજન કરવું.